શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

ટપુક

વર્ષ : ૨૩
અંક : ૩

**સંસ્થાની યાત્રા–૬**

વર્ષ ૨૦૧૦–૧૧ માં માનવ અધિકાર માટે નવ જયોત મહિલા સંગઠન અને સંસ્થાએ ઈવેન્ટનું આયોજન કર્યુ. જેમાં ૧૧૦ જેટલા યુવાનોએ ભાગ લીધો અને મહિલા ઉપરનાં અત્યાચારને ડામવા માટે દબાણ જુથની રચના કરવામાં આવી. જેમાં બહેનોની સમસ્યા માટે બહેનોનું જુથ સક્રિય બન્યું પ્રશ્નોને જાણવા, તંત્ર સુધી વાત પહોંચાડવી જેમાં ઉત્થાન સંસ્થાએ સહયોગ પુરો પાડયો. જીલ્લા સ્તરેથી એકલનારી સંગઠનની રચના કરવામાં આવી જેનાં માટે તાલીમો અને મીટીંગો કરી અને એકલ મહિલાને સહયોગના પ્રયાસો થયા.

શિક્ષણક્ષેત્રે આ સંસ્થા બાળકોને વર્ષ ૨૦૦૩ થી સતત મદદ કરતી રહી છે. આ વર્ષે ૧૧૨૦ શૈક્ષણિક કીટ વિતરણ, ગ્રામ્ય સ્તરે આરટીઈ અને બાળ અધિકારો પરત્વે લોકોમાં જાગૃતિ અને પ્રોત્સાહન પ્રવૃતિઓ જેમાં મહિલાઓની શાસનમાં ભાગીદારી, જાહેર કાર્યમાં મુશ્કેલીઓ, સંબંધિત યોજના માટે માહિતી કેન્દ્રની સ્થાપના પણ થઈ.

સંપૂર્ણ સ્વચ્છતાં અભિયાન અંતર્ગત જુનાગઢ જીલ્લાનાં તાલાળા, વેરાવળ અને સુત્રાપાડા તાલુકામાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી જુનાગઢસાથે સંકલન કરીને ગ્રામ્ય કક્ષાએ વિવિધ કામગીરી જેમ કે વ્યકિતગત શૌચાલયનું નિર્માણ, આંગણવાડી – શાળામાં શૌચાલય યુનીટનું નિર્માણ અને સ્વચ્છતાં સંબંધી વિવિધ આઈઈસી પ્રવૃતિઓ કરવામાં આવી.

ભાવનગર યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો રેડરીબન કલબ સાથે રકતદાન, જાતિય રોગ, વર્તનમાં પરિવર્તન, કાઉન્સેલીંગ, સ્ટીગ્મા એન્ડ ડીસ્કીમીનેશન જેવાં મુદાઓ ઉપર ચર્ચા કરી.

વિકલાંગતા સહાયકમંચની સ્થાપના કરી, સ્ત્રીઓ પર થતી હિંસા માટે યુવાનોની મીટીંગ, એગ્રીકલ્ચર ઈન્સ્યુરન્સ કંપની સાથે હવામાન આધારિત પાક વિમા યોજનાં અંતર્ગત અભિયાન, અસર સર્વે, માનવ અધિકાર વર્કશોપ, સ્ત્રી હિંસા વિરુઘ્ધ અભિયાન સ્કીલ્ડ બેઝ યુવાનોને તાલીમ જેવાં વિવિધ કાર્યક્રમો કર્યા.

વર્ષ ૨૦૧૧–૧૨ માં સ્ત્રીઓ સામે થતી

હિંસાના ઉપાયો યોજવા સ્વસહાય જુથના બહેનો આગળ આવ્યા તેઓએ તાલીમ મેળવી મહિલા ન્યાય સમિતીને સક્રીય બનાવી. સંસ્થાએ અમરેલી પોલીસ સ્ટેશનમાં મહિલા અને બાળસહાયતા કેન્દ્રની સ્થાપના કરી. યુવા સરપંચ કુ. ચંદ્રીકાબેન મહિડાની આગેવાનીમાં મહિલા દિન ઉજવાયો. ૭૭૭ બહેનોને આરીભરત, સીવણ, બ્યુટી પાર્લર, શંખ શીપ મોતીકામની તાલીમો આપી તેમના પરિવારોની વૈકલ્પિક આજીવિકા બની. વિદ્યાર્થીઓ માટે પેપર રીસાયકલ તાલીમો સાથે પર્યાવરણ જાળવણીના કાર્ય સાથે જોડયા.

કૃષિ ઉત્પાદકતા વૃધ્ધી અને આપતિજન્ય જોખમો પર કામગીરી શરૂ થઈ. સુત્રાપાડા, જાફરાબાદ, ઉના, વેરાવળ તથા તાલુકામાં સજજતા સંઘ અને સીએસપીસીનો સહયોગ પ્રાપ્ત થયો. ખાતર, બિયારણ, દવા સહિત ખેતી ખર્ચની વિગતો સાથે થયેલ ઉત્પાદનના આંકડાઓ ખેડુતો પોતે લખે તે માટે એક ખેડુત ડાયરી બનાવી દરેક ખેડુતોને આપી અને આ ડાયરીમાં પોતાના ખેત વ્યવસાયના નફા નુકસાનને જોવાનો ખેડુતોએ જાતે પ્રયાસ કર્યો. હવામાન આધારિત વીમા સહિત દરેક પાકો પરની તાલીમો યોજી હતી.

## ફલોરાઈડ

ફલોરાઈડ નામનું તત્વ પીવાનાં પાણીમાં જમીનનાં ખડકોમાંથી ભળે છે. જેમ ભૂગર્ભજળ ઊંડા તેમ ફલોરાઈડની માત્રા વધવાનો સંભવ વધારે. ગુજરાતની જમીનમાં ફલોરાઈડ વધુ જોવા મળે છે. તાજેતરનાં સર્વેક્ષણનાં તારણ મુજબ રાજયનાં મોટાભાગનાં જિલ્લાઓની જમીન ફલોરાઈડની વધુ માત્રા ધરાવે છે. પીવાના એક લિટર પાણીમાં ફલોરાઈડની માત્રા (૧.૫ મિ.ગ્રા/લિટર)થીવધુ હોય તો પાણી પીવાલાયક રહેતુ નથી અને આવું પાણી પીવાથી આરોગ્યને નુકસાન થઈ શકે છે.

પાણીમાં ફલોરાઈડ વધુ માત્રામાં હોય તો તેનાં રંગ,ગંધ કે સ્વાદમાં કોઈ ફરક જણાતો નથી. પ્રયોગશાળામાં પાણીની ચકાસણી કરાવીને જ ફલોરાઈડની માત્રા જાણી શકાય છે.

## ફલોરાઈડની વધુ માત્રાથી શરીર પર થતી વિપરીત અસરો

ફલોરાઈડની વધુ માત્રાથી થતા રોગને ફલોરોસિસ કહેવામાં આવે છે. આ રોગથી બાળકોના દાંત પર પીળા કે બદામી ડાઘાં પડી જાય છે અને મોટાઓ તથા બાળકોને સાંધાના દુઃખાવા તથા હાડકા બરડ થઈ જાય છે.આ રોગમાં દર્દીને ઉભા પગે બેસવામાં, દાઢીને છાતી સુધી લઈ જવામાં,ઘૂંટણ વાળ્યા વિના અંગૂઠા પકડવામાં અને હાથ લાંબા કરીને માથાનાં

(ક્રમશઃ)

**હિજરત કરવા માટે યે ઘર હોવું જોઇએ.**

પાછળનાં ભાગને અડવામાં તકલીફ પડે છે. આ લક્ષણોથી રોગની ઓળખ કરી શકાય છે. ફલોરોસિસ સંપૂર્ણપણે મટાડી શકવો મુશ્કેલ છે. પણ તેને આગળ વધતો અટકાવી શકાય છે.

ફલોરોસિસ અટકાવવા માટે ગ્રામ્ય તથા વ્યકિતગત સ્તરે નીચે પગલાઓ લઈ શકાય

### ગ્રામ્ય સ્તરે

પાણી સમિતિ કે ગ્રામપંચાયત,ગામલોકો જયાંથી પીવાનું પાણી મેળવતા હોય તે પાણીનાં નમૂનાની વર્ષમાં બે વખત પ્રયોગશાળામાં ચકાસણી કરાવવાનો આગ્રહ રાખે છે. આ ચકાસણી માટેનો ઉત્તમ સમય છે – ચોમાસા પહેલાં અને ચોમાસા પછી.

જો ગામમાં પાઈપલાઈન દ્વારા ભૂજળ ઉપલબ્ધ હોય તો ગામમાં પીવા અને રસોઈ માટે તેનો જ ઉપયોગ થાય તેવો આગ્રહ રાખીએ.

જો ગામમાં ડિ–ફલોરિડેશન પ્લાન્ટ પ્રાપ્ય હોય તો તેનો ઉપયોગ થાય અને યોગ્ય જાળવણી થાય તેની ખાતરી કરીએ.

### વ્યકિતગત સ્તરે

### પાણીમાં ફટકડીનો ઉપયોગ

પીવાનાં ૨૦ લિટર (એક માટલા) જેટલા પાણીમાં ફટકડીનાં એક ગાંગડાને ચાર વખત હલાવીને પાણીને અડધો કલાક ઠરવા દેવું. આનાથી પાણીમાં રહેલ ફલોરાઈડની વધારાની માત્રા નીચે બેસી જાય છે. ત્યારબાદ ઉપરનું પાણી નિતારીને લેવું અને તેને ગાળીને પીવા અને રાંધવા માટે ઉપયોગમા લેવાનું આગ્રહ રાખીએ.

### ખોરાકમાં બદલાવ

ફલોરાઈડની વિપરીત અસરો અટકાવવા કેલ્શિયમ અને વિટામીન સી ધરાવતાં ખોરાકનો ઉપયોગ કરીએ.

દૂધ, દહીં, છાશ, અને ગોળનો ખોરાકમાં વધુમા વધુ ઉપયોગ કરીએ.તે ઉપરાંત, લીંબુ, ટામેટાં, આમળા, લીલા શાકભાજી, આદુ, જીરૂં, તલ, સફરજન, નારંગી, ફણગાવેલા કઠોળ તથા અનાજ, બદામ, મગફળી, વનસ્પતિ તેલ અને અખરોટ જેવા ખાદ્ય પદાર્થો લેવા જોઈએ.

સંચળ, સિંધવ મીઠું (સિંધારૂ), સોપારી, દૂધ વગેરેની ચા અને તમાકુ જેવાં ખાદ્યપદાર્થો ફલોરોસિસની બીમારીમાં વધારો કરે છે તેથી તેનો ઉપયોગ ટાળીએ.

### ખેતીમાં ફલોરાઈડયુકત પાણીનો અટકાવ

ખેતરોમાં અનાજ તથા શાકભાજી પકવવા માટે ફલોરાઈડની વધુ માત્રા ધરાવતા પાણીથી સિંચાઈ થાય તો તેમની ગુણવત્તા બગડે છે. આવા પદાર્થો ખોરાકમાં લેવાથી ફલોરાઈડ ખોરાક સ્વરૂપે શરીરમાં પ્રવેશે છે અને ફલોરોસિસ થવાની શકયતા ઉભી થાય છે. આમ, ગામના પાણીના સ્ત્રોતમાં ચકાસણી દ્વારા ફલોરાઈડની માત્રા વધુ જણાય તો ટપક કે સ્પ્રિન્કલર જેવી વૈજ્ઞાનિક સિંચાઈ પધ્ધતિનો ઉપયોગ કરીએ જેમાં પાણીનો ઓછો ઉપયોગ થાય છે.

(સંકલન : નઝમા ટાંક)

**ઉંચામાં ઉંચા વૃક્ષો ખીણમાં હોય છે, ઉંચા પર્વતે નહી.**

## જન જાગૃતિ અભિયાન

હવામાન આધારિત પાક વીમા કાર્યશાળા તા.૨૦/૦૩/૨૦૨૧

એઆઈસી ઓફ ઈન્ડિયા અને ડીએસસીનાં સહયોગથી હવામાન આધારિત પાક વીમા યોજના અંતર્ગત વર્કશોપનું આયોજન હરિરાજ સંસ્થા ખાતે કરવામાં આવ્યું જેમાં કાર્ય વિસ્તારના ખેડૂતો જોડાયા હતા.

કુ. જાનકી પંડયાએ ઉપસ્થિતોનું સ્વાગત કરી એસએસકેકેનો પરીચય આપી ચાલતી કામગીરીની વિગતો આપી. નરેન્દ્રભાઈ પોંકિયાએ પ્રધાનમંત્રી ફસલ વિમા યોજનાની જાણકારી આપી. અતિવૃષ્ટિ, દુષ્કાળ જેવી કુદરતી આપત્તિના કારણે જે નુકશાન થાય તેને ધ્યાનમાં રાખી વીમો મળે. હવે એઆઈસીની હવામાન આધારિત વીમા માટેં વરસાદ તથા ભેજ તથા વધુ પડતું તાપમાન તથા વધુ પડતી ઠંડીને આધારે વીમાનું કવચ નક્કી કરવામાં આવે છે. પ્રો. જે. એમ. તળાવીયાએ ખેડૂતો દ્વારા બેફામ રીતે વપરાશ કરાતા જંતુનાશક દવાથી થતા નુકશાન, ઝીરો બજેટ ખેતી, પ્રાકૃતિક ખેતીના ફાયદા અને ઘર પૂરતાં શાકભાજી વાવવા માટે ખેડૂતોને ભાર પૂર્વક જણાવ્યું.ગોવિંદભાઈ ટીંબડીયાએ પણ પરંપરાગત ખેતીના ફાયદા, ગાયના છાણનું મહત્વ, જીવામૃત અને બીજામૃત બનાવવાની રીત અને તેના નિયમો મુજબના વપરાશથી થતા ફાયદા સહિત જોખમો પણ ઘટતા હોવાનું જણાવ્યુ હતા.




**નાનામાં નાની મૂર્તિ પણ મોટામાં મોટું મંદિર માંગે છે.**

ધીરૂભાઈ વાગડીયાએ બીજ સ્વરાજ તથા એફપીઓ (ખેડૂત સંગઠન)ની કામગીરી પર ચર્ચા કરી. ફિલ્ડ ફેસીલીટેટર રેનીશ ખેતાણીએ પીર ખીજડીયા ખાતે ૬૦ થી વધુ ખેડૂતો સાથે ઓર્ગેનીક ફાર્મીંગ પર મીટીંગ કરી એ માટે સન્માનિત કરવામાં આવ્યા. આ વિસ્તારમાં એઆઈએફનાં સહયોગથી ચાલતાં ડેન્ટલ હાઈજીન પ્રમોશન કાર્યક્રમ અંતર્ગત ડેન્ટલ ચેકઅપ કેમ્પ વિશે માહિતી આપી. ડેન્ટીસ્ટ ડો. દેવલબેન પટેલ દ્વારા દાંતની સંભાળ અને દાંતમાં થતા રોગો વિશે વિસ્તૃત માહિતી આપી; શ્રોતાગણમાંથી ઉપસ્થિત દાંત વિષયક પશ્નોના ઉતરો આપ્યા. સંસ્થાનાં કારોબારી સભ્યશ્રી દીપુબેન ચૌહાણે આજના કાર્યક્રમ અનુરૂપ વાત કરી. પીયુ મેનેજર ધોકડવા ભરતભાઈ શીંગડએ પ્રાકૃતિક ખેતી અને બીસીઆઈ પ્રોજેકટ વિશે વિગતવાર વાત કરી, અવંતિકાબેન તંતી પીયુ મેનેજર ખાંભા દ્વારા તેમનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોની સફળતાં અંગે વાત કરી તેમજ ઉત્પાદન, મુલ્યવર્ધક અને ગ્રેડિંગ વિશે જાણકારી આપી, પ્રવિણભાઈ જાલંધરા પીયુ મેનેજર ટીંબીએ ખેતીમાં પાણીના ઉપયોગ અંગે વિગતવાર જાણકારી આપી. અંતમાં કાર્યક્રમનું સમાપન આભાર વિધિ સાથે લેમ્પ કો–ઓર્ડીનેટર ગોરધન વાઘેલાએ કર્યુ.

(નરેન્દ્ર પોંકિયા)



**પાણી અને વાણી વિચારીને વાપરો.**

## ડેન્ટલ-હાઈજીન કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ લોન્ચીંગ ઈવેન્ટ

તા. ૦૮/૦૩/૨૦૨૧નાં રાષ્ટ્રીય મહિલા દિન નિમીત્તે એસએસકેકે હસ્તક અને એઆઈએફનાં સહયોગથી ચાલતાં ડેન્ટલ – હાઈજીન પ્રમોશન કાર્યક્રમ અંતર્ગત ચિત્તલ સરસ્વતી વિદ્યાલય ખાતે ગ્રામ્ય લોન્ચીંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં ચિત્તલ અને જસવંતગઢની મહિલાઓ, આંગણવાડી કાર્યકરો, આશાવર્કર, શાળાનાં મહીલા શિક્ષકો, જસવંતગઢ ગ્રામ પંચાયતનાં સરપંચશ્રી અશોકભાઈ માંગરોળીયા અને સંસ્થાનાં કાર્યકરો મળી કુલ ૮૦ થી વધારે સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાનાં ડાયરેકટરશ્રી ધીરૂભાઈ વાગડીયાએ મહિલા દિન નિમીત્તે સૌને અભિનંદન પાઠવ્યા અને મહિલા સમાજનું ગૌરવ છે તે વાત જણાવી સાથે-સાથે સંસ્થા દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ વિશે જાણકારી આપી. ત્યારબાદ સંસ્થાનાં કાર્યકર કુ. શ્રધ્ધા કથીરીયાએ મહિલા સશકિતકરણ ઉપર ભાર મુકીને મહિલા પ્રત્યેનાં ભેદભાવ દૂર કરવા માટે થઈ રહેલા સંસ્થાના પ્રયાસોની માહિતી આપી તે અંગે જાગૃત્તિ ઉભી કરવા જણાવ્યું હતુ. ડેન્ટલ – હાઈજીન પ્રમોશન કાર્યક્રમ અંગે રમેશભાઈ સોલંકીએ કાર્યક્રમનો હેતુ, કરવાની કામગીરી, આવરી લેવાનાં ગામો અને આજ સુધી કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલ પ્રવૃત્તિઓની જાણકારી આપી. આ કાર્યક્રમનાં ભાગરૂપે ડેન્ટીસ્ટશ્રી ડો. દેવલ પટેલએ દાંતની સંભાળ, દાંત વિષયક સારી ટેવો કેળવવી, દાંતનાં રોગ અને બાળકોનાં દાંતની સંભાળ સારી રીતે લઈ શકાય તે અંગે વૈજ્ઞાનિક ધોરણે સમજણ પુરી પાડી અને મહીલાઓ દ્વારા રજુ કરેલ દંત વિષયક પ્રશ્નોનાં ઉત્તરો આપ્યા. ચાઈલ્ડલાઈન ૧૦૯૮ અંતર્ગત અર્જુનભાઈએ બાળકોનાં અધિકારો અને ૧૦૯૮ ટોલફ્રી નંબર વિશે સમજણ પુરી પાડી.

કાર્યક્રમનાં અધ્યક્ષશ્રી અશોકભાઈ માંગરોળીયાએ મહિલા દિન નિમીત્તે રાણીલક્ષ્મી બાઈનાં ઉદાહરણ સાથે દેશની સ્વતંત્રમાં મહીલાઓનાં અમુલ્ય ફાળાનું વર્ણન કર્યુ અને મહિલા આત્મનિર્ભર બને તેવા પ્રયત્નો કરવા જણાવ્યું. સંસ્થા હસ્તક ચાલતાં ડેન્ટલ – હાઈજીન કાર્યક્રમ અંતર્ગત ડેન્ટલ ચેકઅપ કેમ્પમાં ભાગ લેવા આહવાન કર્યું. આ કાર્યક્રમના સંચાલક રમેશભાઈ સોલંકીએ સમાપન વકતવ્ય સાથે સૌ ઉપસ્થિતોનો આભાર માની કાર્યક્રમને પુર્ણ જાહેર કર્યો હતો.

(રમેશભાઈ સોલંકી)

**તડકો-છાયો એ જીવનનું કર્મ છે.**

## ઉત્તમ રૂની ગુણવત્તા બાળ મજુરી અને સુરક્ષા

કપાસની ખેતી આપણા વિસ્તારમાં સૌથી મોટા રોકડીયા પાક તરીકે થઈ રહી છે. જેને લઈને સંસ્થા છેલ્લા દસેક વર્ષથી આ પાકમાં ગુણવતાની જાળવણી થકી વધુ સારા ભાવ મેળવી શકાય તેવી બાબતો સાથે ખેડૂતો સાથે સંવાદ કરી રહી છે. સાથે સાથે ખેડુત અને ખેત મજુર પરિવારના આરોગ્ય, લિંગભેદ, બાયોડાયવર્સિટી અને બાળકોની સંભાળની બાબતોને પણ સંબોધન કરે છે.

### કપાસમાં વર્ગીકરણ વ્યવસ્થા

કપાસની ગુણવત્તા મુજબ ભાવ મેળવવા માટે યોગ્ય વર્ગીકરણ વ્યવસ્થા ખુબ જ જરૂરી છે. કયારેક જુદી–જુદી વીણીનો કપાસ એક સાથે રાખવાથી અલગ–અલગ જાતનો કપાસ ભળી જવાથી કે પછી એક ખેડૂતનો સારી ગુણવતાવાળો કપાસ અન્ય ખેડૂતની ઓછી ગુણવતાવાળા કપાસ સાથે મીકસ થવાથી સરેરાશ કપાસની ગુણવતા ઘટવા પામતી હોય છે. તે માટે ધ્યાનમાં લેવાની બાબતો....

### ભારતમાં કપાસની વર્ગીકરણ વ્યવસ્થા

૧. તારની લંબાઈ (સ્ટેપલ લેન્થ) ના આધારે કપાસનુ વર્ગીકરણ મુખ્ય છ વર્ગમાં કરવામાં આવે છે.

૨. ભારત દેશમાં ૨૦ મી.મી. તારની લંબાઈ વાળી કપાસની જાતોની ખેતી થાય છે.

### તારની લંબાઈના આધારે કપાસનુ વર્ગીકરણ

| ક્રમ | વર્ગ | લંબાઈ (મી.મી.) |
|---|---|---|
| ૧. | ટુંકો તાર | ૧૯ mm/ તેથી ઓછી |
| ૨. | મધ્યમતાર | ૨૦ થી ૨૧.૫ mm |
| ૩. | મધ્યમલંબતાર | ૨૨ થી ૨૪ mm |
| ૪. | લંબતાર | ૨૪.૫ થી ૨૬.૫ mm |
| ૫. | લંબ વધુ લંબતાર | ૨૭ થી ૨૯.૫ mm |
| ૬. | વધુ લંબ તાર | ૩૦ mm થી વધુ |

### બાળ મજુરી અને સુરક્ષા

ખેડુત અને ખેત મજુર પરિવારો સાથે ઉતમ કપાસની ખેતી માટેના સિધ્ધાંતો અને માપદંડોની સતત ચર્ચા કરવાની થાય છે. જેમાં મુખ્યત્વે સામાજીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે જેમ કે આ કપાસના તારમાંથી બનેલા કપડાની ગુણવતા તો ઉપર મુજબ વર્ણવી શકાય પણ આ કપાસની ઉત્પાદન પ્રક્રિયામાં સામેલ પરિવારના બાળકો કયારેય ખેત મજુરીમાં સામેલ થતા નથી તેમના શિક્ષણકાર્યને ખલેલ ન પહોંચે તેની કાળજી હંમેશા તેના પરિવારો લે છે. સગર્ભા મહિલાઓને જોખમી કામોથી અળગા રખાય છે. સ્ત્રી પુરુષ બંનેને સરખુ વેતન મળે તેની પણ તેઓ ખાત્રી કરે છે. ખેતી કામ સાથે સુકળાયેલ ખેડૂત કે ખેત મજુરની સુરક્ષાની પણ ખાત્રી કરવામાં આવે છે. આ બાબતો સાથે બનેલ કપડાનું બ્રાન્ડીંગ અને માર્કેટીંગ થાય તો તેનો લાભ મળી શકે છે.

(રાજેશ રાઠોડ)

**દિકરી સાપનો ભારો નહિ, તુલસીનો કયારો.**

## Happy Birthday

Kaushik Pandya 27.04.1977

## In this month

2 Start process of PrpEngage volunteers.

3 BDA proposal submitted to NABARD for Jafrabad FPO.

8 Women's day calibration and Dental program rural lonching.

10 Field work planning meeting and orientation session with Anil and Rajni.

17 Webinar on "Catch The Rain" with rural youth of NYK.

18 ECF network meeting.

19 Webinar on book session with Hardi Parmar.

20 Weather base insurance workshop.

25-26 Play Nukkad at Hemal, Virpur, Hamapur, Godhavadar and Lalavadar on Water Stewardship.

26 Webinar of Foundation and action for equality program with Mentors.

28-30 Dental Camp Shdubhar & Valardi

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**પોતાનો અવાજ પોતે સાંભળવો હોય તો ફેરીયા થવું પડે.**